R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to:

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 05 DATE: 02-02-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## લોકસભાની ચુંટણી પહેલાં ગરીબ મતદારોને રીઝવવા માટે કોગ્રેસ પ્રમુખે દરેક ગરીબને લઘુત્તમ આવક આપશેની જાહેરાત કરી

કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ છત્તીસગઢની મુલાકાત દરમિયા ગેરંટી આપી છે કે જો ૨૦૧૯માં કોગ્રેસ સત્તા પર આવશે તો દેશમાં દરેક ગરીબને લઘુત્તમ આવક આપશે. રાહુલે કહ્યુ હતું કે આ ઐતિહાસિક કદમ છે અને તેનાથી ગરીબી અને ભુખમરાને ખતમ કરવામાં મદદ મળશે.મોદી સરકાર દ્વારા લોકસભામાં ચુંટણી અગાઉ સામાન્ય વર્ગના આર્થિક રીતે પછાત લોકોને ૧૦ ટકા અનામત શિક્ષણ અને રોજગારીમાં આપવાની જાહેરાત પછી રાહુલ ગાંધીની લઘુત્તમ આવક આપવાની વાત સુચક છે. આ ઉપરાંત રાહુલે વડાપ્રધાન મોદી પર નિશાન તાકીને કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ વાસ્તવમાં બે ભારત બનાવવા માંગે છે.



નયા રાયપુરમાં કિસાન આભાર સંમેલનને સંબોધિત કરતાં કહ્યુ હતું કે જે રીતે કોગ્રેસ પાર્ટીએ મનરેગામાં ૧૦૦ દિવસ રોજગાર ગેરંટી આપી ,માહીતિ અધિકારમાં ગેરટીં સાથે બ્યુરોક્રેસીના દરવાજા ખોલ્યા, ભોજનના અધિકારની ગેરંટી આપી. એ જ રીતે લઘુત્તમ આવકની પણ ખાતરીપુર્વક મળશે.

કેન્દ્રમાં સત્તારુઢ ભાજપ અને વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ બે ભારત બનાવવા માંગે છે.એક રફાલ કૌભાંડ, અનિલ અંબાણી, નિરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચોકસી અને અન્ય ઉદ્યોગપતિ મિત્રોનું અને બીજુ ભારત ગરીબ ખેડુતોનું. પાક વિમા યોજના અંગે સવાલ ઉઠાવતાં રાહુલે કહ્યુ હતું કે એવું શુ કારણ છે કે ખેડુતો પોતાના પૈસા વીમા કંપનીને આપે છે અને કરાં પડે પછી ખેડુતોને તેમના પૈસા મળતા નથી. પુરેપુરો લાભ અનિલ અંબાણીની કંપનીને મળે છે.

લોનમાફીની યોજનાનો ઉલ્લેખ કરતાં કોગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતું કે જ્યારે અમે વિપક્ષમાં હતા ત્યારે પણ અમે ખેડુતોને લોન માફ કરવાની વાત કરતાં હતા અને સરકારને પુછતા તો સરકાર કહેતી હતી કે અમારી પાસે પૈસા નથી. અમે આ કામ ન કરી શકીએ. હિન્દુસ્તાનના ચોકીદાર પાસે છત્તીસગઢના ખેડુતો માટે ૬૦૦૦ કરોડ રુપીયા નથી. પરંતુ અનિલ અબાણી માટે રુ.૩૦૦૦૦ કરોડ રુપીયા છે.

## લોકસભા ચુંટણી માટે ભાજપ પાસે શિવસેનાએ અડધાથી વધુ બેઠકો માંગી

૨૦૧૯ની આગામી લોકસભાની ચુંટણીમાં મહારાષ્ટ્રમાંથી શિવસેનાએ તેમના સાથી પક્ષ ભાજપ સાથે આકરી સોદાબાજી કરવાના મુડમાં છે.તેણે કહ્યુ છે કે તે મહારાષ્ટ્રમાં તેને અસર થાય તેવી સીટ વહેચણીની કોઈ પણ ભાજપની દરખાસ્તને સ્વીકાર નહીં કરે.રાજ્યમાં શિવસેના મોટાભાઈ છે અને આગળ પણ રહેશે.રાજ્યમાં ભાજપ અને શિવસેના સરખી સીટો પર ચુંટણી લડશે કે કેમ તેવા સવાલના જવાબમાં પાર્ટી નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે અમારી પાસે આવી કોઈ દરખાસ્ત નથી. અમે કોઈ દરખાસ્ત સ્વીકારવા આવ્યા નથી.મહારાષ્ટ્રમાં શિવસેના મોટો ભાઈ છે અને આગળ પણ રહેશે.જે લોકો સેના સાથે ગઠબંધન કરવા માંગે છે તેઓ આવી વાત કરી રહ્યા છે. તાજેતરમાં પસાર



કરાયેલા સામાન્ય કેટેગરીના રિઝર્વેશન બિલ મુદ્દે શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન મોદીની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે વાર્ષિક આઠ લાખથી ઓછી આવક ધરાવતા લોકો તે લાભ લેવાને પાત્ર છે.પરંતુ તે પહેલાં આ લોકોને આવકવેરાની ચુકવણીમાંથી છુટ આપવી જોઈએ.શિવસેના વડા ઉધ્ધવ ઠાકરેના અધ્યક્ષપદ હેઠળ તેમના નિવાસસ્થાને યોજાયેલી એક મીટીંગ બાત રાઉતે મીડીયાને સંબોધિત કરી હતી.શિવસેનાં ચુંટણીમાં ભાજપથી સમાધાન નહી કરે એવુ લાગે છે.

## લોકોને સપનાં બતાવતા નેતાઓ સારા લાગે છે, હું ખોટા સપના નથી બતાવતો,દેખાડેલા સપના પુરા કરો નહી તો જનતા મારશે : કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી



સપના બતાવે તેના નેતા લોકોને સારા લાગે છે પરંતુ આ જ સપનાં જો પરિપુર્ણ ના કરવામાં આવે તો પ્રજા એવા નેતાને ફટકારે છે,એવું નિવેદન કરી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ફરી ચર્ચા જગાવી છે.ભુતકાળમાં વિપક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સપનાના સોદાગર તરીકે વર્ણવી ચુક્યા છે. ત્યારે આ નિવેદન દ્વારા ગડકરીએ ફરી મોદી પર નિશાન તાકયું છે.નીતિનગડકરીએ મહારાષ્ટ્રમાં ફરી આ પ્રકારનું નિવેદન આપીને સહુને ચોકાવ્યા છે.એક કાર્યક્રમમાં નીતિન ગડકરીએ ચુંટણીમાં અપાયેલા વચનોનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે સપના બતાવવા નેતા લોકોને સારા લાગે છે પણ બતાવેલા સપના જો પુરા ન થાય તો જનતા તેમની ધોલાઈ પણ કરે છે. તેથી સપના એવા જ બતાવો કે જે પુરા કરી શકાય.હું સપના બતાવનારા લોકોમાં સામેલ નથી.જે પણ બોલું છું એ છાતી ઠોકીને કરુ છું. આ કાર્યક્રમ દરમિયાન ગડકરીની ઉપસ્થિતિમાં ફિલ્મ એક્ટ્રેસ ઈશા કોપીકર ભાજપમાં સામેલ થઈ હતી.

આ અગાઉ નવી દિલ્હી ખાતેના એક કાર્યક્રમમાં નીતિન ગડકરીએ કહ્યુ હતું કે ૧૦ લાખ કરોડથી વધુનું કામ મે કરાવ્યું છે પરંતુ એક રુપીયાના ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો નથી.તેમણે કહ્યુ હતું કે હું જાહેરાતો હવામાં કરતો નથી. જે બોલું છું તે છાતી ઠોકીને કરી બતાવું છું.

ગડકરીના આ નિવેદનથી ફરી રાજકીય વમળ સર્જાયા છે.લોકસભાની ચુંટણીમાં ભાજપને સંપુર્ણ બહુમતી ના મળે તો સંઘ દ્વારા અને સાથી પક્ષો વચ્ચે પણ ગડકરીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરાય તેવી અટકળો રાજકીય વર્તુળોમાં લાંબા સમયથી ચાલી રહી છે. અગાઉ નીતિન ગડકરી અવારનવાર નિવેદનો કરી વડાપ્રધાન મોદી અને ભાજપ નેતાગીરીને ક્ષોભમાં મુકી ચુકયા છે.ત્રણ રાજયોની વિધાનસભા ચુંટણીઓમાં ભાજપના પરાજય બાદ નીતિન ગડકરીએ આઈબી અધિકારીઓની ટ્રેનિંગમાં એવું નિવેદન આપ્યું હતું કે સાચો નેતા એ છે જે હારની જવાબદારી સ્વીકારે. જો હું પક્ષપ્રમુખ હોઉ તો અચુક હારની જવાબદારી સ્વીકારી લઉ અનો રાજીનામું આપું. તેમણે ભાજપના અચ્છે દિનના સ્લોગન પર પણ સવાલ ઉઠાવ્યો હતો. તેઓ એક વખત એવું પણ બોલ્યા હતા કે ચુંટણી જીતવા માટે મોટા વચનો આપવાનું કહેવાયું હતું. ત્યારે અમને ખબર નહોતી કે અમે ખરેખર સત્તા પર આવી જઈશું. અગાઉ એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યું હતું કે અચ્છે દિન હોતા જ નથી.એ તો લોકો કેવું માને છે તેના પર નિર્ભર છે. અગાઉ તેમણે પુર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે તેમને પોતાની ક્ષમતા પુરવાર કરવા માટે કોઈ પણ પ્રકારની અનામતની જરુર પડી નથી અને તેમણે કોગ્રેસના પોતાના સમયના પુરુષ નેતાઓથી સારુ કામ કર્યુ હતું.એ જ અરસામાં નીતિન ગડકરીએ માજી વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

લોકસભાની ચુંટણીઓ પહેલાં ફરીથી રામ મંદિરના મુદ્દે ગરમાવો લાવવાનો દાવ અજમાવવામાં આવી રહ્યો છે. ભાજપ મંદિરના મુદ્દે છેલ્લા કેટલાક વર્ષોથી હિંદુ મતદારો સાથે રમત રમી રહ્યો છે.અયોધ્યામાં રામમંદિર બાંધવાના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં મુળ મુદ્દો મંદિરનો નથી પરંતુ ત્યાંની જમીન કોની માલિકીની છે તે પુરવાર કરવા અંગેનો છે. સુપ્રીમે કોર્ટે કહ્યુ હતું કે આ સીવીલ મુદ્દો છે તેથી તેની તાત્કાલિક સુનાવણી કરવી કે રોજબરોજ કેસ ચલાવવો અગત્યનો નથી પરંતુ ચુંટણીઓ નજીક આવી રહી છે અને ભાજપના ભાથામાં કોઇ નવા મુદ્દાઓ છે જ નહીં પરંતુ મંદિરનો મુદ્દો એક એવી લાગણીને સ્પર્શતો મુદ્દો છે જેનાથી મતો લણી શકાય.હાલમાં અયોધ્યામાં સરકાર દ્વારા સંપાદિત કુ.૬૭.૭૦૩ એકર જમીન છે અને તેના પર કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરવા બાબતે સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ છે.મુળ જમીના માલિકો વચ્ચે વહેચણી કરવાનો મુદ્દો અગત્યનો છે.પરંતુ હાલમાં મોદી સરકાર મંદિરના મામલે ચોતરફથી ઘેરાઇ ચુકી છે.૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓ વખતે રામમંદિર બનાવવાનું વચન લોકોને આપવામાં આવ્યું હતું. પરંતુ તે શક્ય બન્યું નથી. ઉલ્ટાનું નોટબંધી,જીએસટી,બેન્કોના કૌભાંડો વિગેરે સરકારની આબરુ ઘટાડી દીધી છે.તેથી ૨૦૧૯ની ચુંટણીમાં હવે ૨૦૧૪ના જેવા પરિણામો આવે તેવી શક્યતાઓ ઘટી ગઇ છે. ઉપરાંત ઇવીએમ મશીનની કરાયેલી ગરબડો અંગે થઇ રહેલા ઉહાપોહમાં જે બાબતો જાહેર થઇ રહી છે તેનાથી ભાજપના પગ નીચેથી ચાદર ખસી રહી છે.વિરોધીઓ પર તુટી પડતી સરકાર,વિકાસની વાતો કરતી સરકાર, અને જાહેર તાયફાઓમાંથી નવરી પડતી નથી. લોકહિતના કાર્યોની વાતો માત્ર અભરાઇઓ પર ચઢાઇદેવાઇ છે. માત્ર વ્યક્તિલક્ષી રાજકારણ વ્યવસ્થિત રીતે ચલાવાઇ રહ્યું છે.ભાજપની અંદરની લોકશાહી અને કાર્યકરોમાં પણ ઉકળતો ચરુ દેખાઇ રહ્યો છે.પરિણામે એવા જ મુદ્દાની તાતી જરુરીયાત છે જે ભાજપને આવનારી ચુંટણીઓમાંથી તારી શકે.સરકારે ચારેબાજુએથી પ્રચાર ઝુંબેશ વેગવંતી બનાવી છે અને કોર્ટ ઉપર દબાણની સ્થિતિ સર્જી નાંખી છે જે તેમના ચુકાદાને અસર કરે.

હવે સરકારે ચાલબાજી ચાલી છે તેમણે જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોયા વગર અયોધ્યાની બિનવિવાદીત ૬૭ એકર જમીન સોપવા સુપ્રીમ માં અરજી દાખલ કરી છે. જો સુપ્રીમ કોર્ટ હકારમાં જવાબ આપશે તો પોતાની જીત થઇ છે તેનો જશ્ન મનાવાશે અને કોકડું નહિ ઉકેલ તો અપજશ કોંગ્રેસને માથે ઠોકી બેસાડવાનું કામ તેમના માટે સરળ બનશે.

હવે ધર્મ સંસદે ૨૧મી ફેબ્રુઆરીએ મંદિરનો પાયો નાંખવાનું મુહૂર્ત નિર્મિત કરી નાંખ્યું છે.જેથી સુપ્રીમ કોર્ટના ઉપર ભારે દબાણ આવશે.સરકાર તેમની અરજીની તરફેણમાં ચુકાદો આપવા પણ દબાણ કરશે.સુપ્રીમ ચુકાદો નહીં આપે તો દેશમાં અરાજકતા ફેલાશે તેવો ભય દેખાડશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## ૧૦% ક્વોટા મામલે મદ્રાસ હાઇકોર્ટની કેન્દ્રને નોટિસ

મદ્રાસ હાઇકોર્ટે કેન્દ્ર સરકારને ૧૦ ટકા સવર્ણ અનામત મામલે નોટિસ ફટકારીને ૧૮મી ફેબ્રુઆરી પહેલાં જવાબ માંગ્યો છે.દ્રવિડ મુનેત્ર કઝગમ(ડીએમકે)એ ૧૮મી જાન્યુઆરીએ મદ્રાસ હાઇકોર્ટમાં એવી અપીલ કરી હતી કે કેન્દ્ર સરકારે આપેલી અનામત બંધારણના મુળભુત માળખા પર હુમલો કરે છે.ડીએમકેએ દાવો કર્યો હતો કે અનામત ગરીબી નાબુદી કાર્યક્રમ નથી પણ સામાજિક રીતે પછાત હોય તેવા સમુદાયોના ઉત્થાનનો આશય તેમાં રહેલો છે.ઉલ્લેખનીય છે કે બંધારણમાં ૧૦૩માં સુધારા તરીકે સંસદના બંને ગૃહોએ તાજેતરમાં આ અંગેનું વિધેયક પસાર કરી દીધું છે.

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# મુખ્ય ચુંટણી કમિશ્નરની સ્પષ્ટતા : ચુંટણીઓ ઈવીએમથી જ થશે બેલેટ જમાનામાં પાછા નહી ફરીશું

ઇવીએમ હેકીંગ થયાના આક્ષેપો અને દાવ વચ્ચે ચુંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે આગામી ચુંટણી ઇવીએમથી જ લડાશે.પંચ કોઇની ધમકી કે દબાણને વશ થઇને બેલેટ પેપર જમાનામાં પાછું નહીં ફરે તેમ ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ છે. તેમની આ જાહેરાત સાથે જ બેલેટ પેપર્સથી ચુંટણી કરાવવાની માંગણી કરી રહેલા અને વિપક્ષોને ઝાટકો લાગ્યો છે.સુનિલ અરોરાએ કહ્યુ કે ઇવીએમનો ઉપયોગ એક ફુટબોલની જેમ કરાઇ રહ્યો છે. અને અનેક લોકો તેના ઉપયોગને મામલે ખોટો પ્રચાર કરી રહ્યા છે.તેમણે કહ્યુ હતું કે જો કે હું આ મામલે ફરી એક વખત સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે ખરેખર તો આ મારો મામલો નથી. આ સમગ્ર ચુંટણી પંચનો મામલો છે. આ ચુંટણી પંચના ભુતકાળ અને ભવિષ્યની વાત છે. અમે બેલેટ પેપર્સના યુગમાં પાછા નહીં ફરીએ.

નોંધનીય છે કે કે તાજેતરમાં જ લંડનમાં હેકથોન દરમિયાન એક કથિત સાયબર એક્સપર્ટ સૈયદ સુજાએ કહ્યુ હતું કે તે ઇવીએમ ડીઝાઇન ટીમને સભ્ય હતો અને તે ભારતમાં ઉપયોગમાં લેવામાં આવતા ઇવીએમને હેક કરી શકે છે.તેણે દાવો કર્યો હતો કે ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં ગરબડ થઇ હતી.ત્યારબાદ ચુંટણી પંચે દિલ્હી પોલીસને પત્ર લખીને સમગ્ર કેસની તપાસની માંગ કરી છે. જેના પર સંસદ માર્ગની પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવામાં આવી છે. બીજી તરફ વિરોધ પક્ષો તરફથી પણ બેલેટ પેપરથી ચુંટણી યોજવાની માંગ કરાઇ રહી છે. કોંગ્રેસ સહિત ઘણા વિરોધ પક્ષો સતત બેલેટ પેપરથી ચુંટણી યોજવાની માંગ કરી રહ્યા છે.સુનીલ અરોરાએ કહ્યુ કે અમે ઇવીએમ અને વીવીપેટનો ઉપયોગ ચાલુ રાખીશું. અમે કોઇપણ પક્ષ કે જેમાં રાજકીય પક્ષો સામેલ છે તેમની ટીકા અને ફીડબેકનું સ્વાગત કરીશું. અમે આ બધી વસ્તુઓથી ડરવાના અથવા પરેશાન થવાના નથી. અને એવામાં બેલેટ પેપર્સનો સમય ફરી પાછો આવશે નહીં. અને એવા યુગમાં પાછા નથી જવાના જેમાં બેલેટ પેપર્સ ઉંચકવામાં આવે, કાઉન્ટીંગમાં મોડું થાય અને મસલમેન્સની નિમણુંક થાય તેમજ પોલિંગ સ્ટાફની હેરાનગતિ વધે.જો કે ઇવીએમની સાથે હેકથોન દરમિયાન જે વાતો થઇ છે તેમાં ભાજપના નેતા ગોપીનાથ મુંડેનું અકસ્માતમાં મોત થયું તેને સાંકળવામાં આવ્યું છે.તેઓ આ ઇવીએમ ને હેકીંગ બાબતે જાણકારી ધરાવતા હતા તેથી તેમના મોતની પાછળ ઘેરુ રહસ્ય છુપાયેલું છે.જો કે ગોપીનાથ મુંડેના મોતની તપાસ કરાવવાનો મુદ્દો ઉખેડવામાં આવ્યો છે અને તેની રો કે નિવૃત જજની તપાસ કમિટિ દ્વારા જાંચ કરવાની માંગ કરાઇ છે.આમ ઇવીએમનો મુદ્દો બીજા અનેક મુદ્દાઓને આવરી લેશે તેવું જણાઇ રહ્યું છે.

## જાટ સમુદાયએ માંગણી કરી કે તેમને અનામત નહી અપાય તો તેઓ ભાજપને વોટ આપશે નહીં

જાટ નેતાઓએ અનામત અંગેની તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો તેઓ આગામી લોકસભાની ચુંટણીમાં ભાજપને હરાવવાની જાહેરાત કરી છે.ઓલ ઇન્ડીયા જાટ અનામત મહાઆંદોલનના બેનર હેઠળ એકત્ર થયેલા ઉત્તર પ્રદેશ,રાજસ્થાન,હરિયાણા,દિલ્હી અને મધ્યપ્રદેશના જાટ નેતાઓએ જણાવ્યુ હતું કે સરકાર તેમની માંગણીઓનો અસ્વીકાર કરે છે અને જનરલ ક્વોટાને ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત કરે છે.જાટઅનામત આંદોલનના લગભગ ત્રણ વર્ષ બાદ ફરીએક વખત આંદોલનનો સુર છેડ્યો છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## બંધારણમાં આર્થિક અનામતની જોગવાઇ નથી : નિવૃત જજ ચેલમેશ્વર

મોદી સરકારે ગરીબ સવર્ણોને નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત ભલે કરી છે પરંતુ આ જાહેરાતને કાયદાકીય પ્રક્રિયા નડે તેમ છે.સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જે.ચેલમેશ્વરે કહ્યુ છે કે બંધારણમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે અનામત આપવાની જોગવાઇ છે તેમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે આવી કોઇ જોગવાઇ નથી. તેમણે સાંસદ ચુંટવાની હાલની પ્રક્રિયા મામલે કહ્યુ હતું કે સાંસદ બનવા માટે રુ.૫૦ કરોડનો ખર્ચ કરાય છે.અને આ અત્યંત ગંભીર મામલો છે.જે એટલા પૈસાનો ખર્ચ કરે છે તે પૈસા વસુલવાનું જ કામ કરશે નહી કે દેશનું બંધારણ અમલી બનાવવાનું.

એક સમારોહમાં જસ્ટીસ(નિવૃત) ચેલમેશ્વરે કહ્યુ કે બંધારણ મુજબ સંસદ અથવા વિધાનસભાને સમાજના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોને અનામત આપવાનું કહેવાયું હતું.ઇડબલ્યુએસ અનામત અદાલતમાં કેટલા અંશ સુધી ટકશે તેની મને માહિતી નથી અને આ જોવાનું બાકી છે. હું માત્ર એટલું જ કહી શકું કે બંધારણમાં તેને મંજુરી નથી.

## જાણવા જેવું !

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઇગલ)છે.
સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.
સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.
બોઇંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**૭૦મું પ્રજાસત્તાક પર્વ**

## વિકાસની ભરી ઊંચી ઉડાન
## ગુજરાત બન્યું દેશની શાન
## સુરક્ષિત અને સમૃધ્ધ ગુજરાત

**અવિરત વિકાસની આગેકુચ ...**

૯મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૯ને મળી અભુતપુર્વ સફળતા :
૧૩૫ દેશો સહિત ૪૨ હજારથી વધુ લોકો બન્યા ભાગીદાર :૨૮૩૬૦ જેટલા સમજુતી કરારઃ
૩૧ માર્ચ સુધીમાં થશે
૧લાખ ૧૧ હજાર કરોડના રોકાણોઃ ૪૦૦થી વધુ કંપનીઓ દ્વારા થશે ખાતમુર્હત-ઉદઘાટન-કાર્યારંભ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ૧૮૨ મીટર સ્ટેચ્યુ ઓફ યુનીટીના માધ્યમથી વિશ્વના નકશામાં ગુજરાતને મળ્યું સર્વોચ્ચ સ્થાન :પ્રવાસન પ્રવૃત્તિ સાથે વનબંધુઓનુ થસે સશક્તિકરણ :
CRISIL ના સ્ટેટ ઓફ ગ્રોથ ૨.૦ના રિપોર્ટ મુજબ ગુજરાત જીએસડીપી વિકાસ દર,નાણાંકીય શિસ્ત અને વ્યવસ્થાપન તથા રોજગારી સર્જનમાં પ્રથમક્રમે :મોંઘવારીને કાબુમાં રાખવામાં પણ અગ્રીમ સ્થાને
૧૨૫ એમ.એમ.વરસાદના નિયમને બદલી ૩૫૦ એમ.એમ.થી ઓછા વરસાદવાળા ૯૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરી
રૂ.૧૩૦૦કરોડના ખાસ સહાય પેકેજ સાથે પ્રજાની પડખે ઉભી સરકાર : ૧૩ લાખથી વધુ ખેડુતોને મળશે સહાય
૭૫૦૦૦ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટીશશીપ યોજના દ્વારા રોજગારી : વધુ ૪ લાખ યુવાઓને રોજગાર મેળા દ્વારા નોકરીનું આયોજન
મગફળીના ટેકાના ભાવે કરી ખરીદી : ૧૨૨ ખરીદકેન્દ્રો પરથી ૧.૭૪ લાખથી વધુ ખેડુતો પાસેથી રૂ.૧૭૪૭ કરોડની૩૪,૯૫,૪૦૦ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી
૪૨ લાખ પરિવારોને મામ-અમૃતમ અને મા વાત્સલ્ય યોજના દ્વારા આપી રૂ.૨૦૦૦ કરોડની આરોગ્યલક્ષી સહાય
દરિયાના ખારા પાણીને મીઠું બનાવવા એક જ વર્ષમાં ૬ ડીસેલીનેશનના પ્લાન્ટના ટેન્ડરો બહાર પડ્યા
દેશની આઝાદીના ૭૦ વર્ષ પછી ઐતિહાસિક નિર્ણય : આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગો માટે ૧૦ ટકા અનામતનો ત્વરિત અમલ
સેવાસેતુના કાર્યક્રમ દ્વારા ૧ કરોડ ૬૦ લાખથી વધુ નાના અને ગરીબ માણસોના પ્રશ્નોનો ઘરઆંગણે ઉકેલ
બિન ખેતી(એનએ) પ્રક્રિયા થઇ ઓનલાઇન : ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની નાબુદી
શહેરોના ઝડપી અને આધુનિક વિકાસ માટે એકજ વર્ષમાં ૧૦૦ ટીપી સ્કીમ અને ૧૦ ડીપી સ્કીમ મંજુર અને ઘણુ બધું..

**પ્રજાસત્તાક પર્વે સૌ ભારતવાસીઓને અંતઃકરણપુર્વક શુભેચ્છાઓ...**

**૭૦માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં**

પ્રજાસત્તાક પર્વે સૌ નાગરિકોને હૃદયપુર્વક શુભકામનાઓ ... નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી,ગુજરાત

# વિપક્ષી રેલી ભારતીય લોકશાહીને બચાવવા યોજાઇ હતી : ભાજપ સાંસદ શત્રુધ્નસિંહા



ભારતીય જનતા પાર્ટી અને મોદી સરકારના નેતૃત્વ પર ફરી એકવા પ્રહારો કરતાં ભાજપના અસંતુષ્ટ સાંસદ શત્રુધ્નસિંહાએ કહ્યુ હતું કે કોલકોતામાં મમતા બેનરજીના નેતૃત્વમાં આયોજીત વિપક્ષી એકતાની રેલી ભારતના લોકતંત્રને બરબાદ થતું અટકાવવા માટે હતી.અભિનેતામાંથી નેતા બનેલા શત્રુધ્નસિંહાએ આ રેલીમા ઉપસ્થિત રહીને ભાજપ માટે મુશ્કેલી સર્જી છે. રેલીમાં મંચ ઉપરથી તેમણે કહ્યુ હતું કે પીએમ મોદી અને ભાજપ અધ્યક્ષ શાહના નેતૃત્વમાં લોકશાહીની જગ્યાએ સરમુખત્યારશાહી છે. લોકશાહી અટલ અડવાણી સમયની વિશેષતા હતી.તેમણે કોલકોતાની રેલી અંગે ટ્વીટ કરતાં કહ્યુ હતું કે પરિવર્તનના સમર્થનમાં આ ગઠબંધનની એકતાને સમર્થન આપવા માટે લાખો લોકો આવ્યા હતા આ એક અદ્ભુત રેલી હતી અને વિશાલ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આરેલીમાં વિપક્ષી નેતાઓ એક મંચ પર આવ્યા હતા. અને નરેન્દ્ર મોદીની સરકારને સત્તા પરથી હટાવવા માટે લડાઇ લડવા માટે ઘોષણા કરી હતી.શત્રુધ્ન સિંહાએ એક આયોજતિ આ રેલીમાં મોદી-શાહ પર આકરા પ્રહારો કર્યા હતા.જેમાં રફાલ અને નોટબંધી જેવા મુદ્દાઓ અંગે પણ મોદી સરકારની ટીકા કરી હતી.

## જાણવા જેવું

બોઇંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.
લાઇફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.
વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.
તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.
લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.
તીતીઘોડો પોતાની પાંખોને પાછળના પગ સાથે ઘસી ખાસ પ્રકારનો અવાજ કરે છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# આખરે કોંગ્રેસે તેમનું ટ્રમ્પકાર્ડ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ પહેલા ખેલ્યું



છેલ્લા કેટલાક વર્ષોથી જેની કાગડોળે રાહ જોવામાં આવતી હતી તે કોગ્રેસનું ટ્રમ્પકાર્ડ આખરે કોગ્રેસે ઉતારી દીધું. ઇન્દીરા ગાંધીની આબેહુબ પ્રતિકૃતિ ધરાવતા અને તેમની માફક છટા અને પ્રતિભાના દર્શન કરાવતી પ્રિયંકા ગાંધી-વાડેરાને કોગ્રેસે યુપીના મહાસચિવપદે નિયુક્તિ આપી રાજનીતિમાં સત્તાવાર એન્ટ્રી આપી દીધી છે. કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના મહાસચિવપદે પ્રિયંકા ગાંધીની નિયુક્તિની જાહેરાત કરી હતી.તેઓ ફેબ્રુઆરીથી પોતાનો કાર્યભાર સંભાળી લેશે.

પહેલી વાર પ્રિયંકા ગાંધીને સત્તાવાર રીતે પાર્ટીની કામગીરી સોપવામાં આવી છે.અત્યાર સુધી તેઓ પડદા પાછળ રહીને અમેઠી અને રાયબરેલી લોકસભા મતવિસ્તારોમાં કામગીરી સંભાળતા હતા.પ્રિયંકા ગાંધીની સત્તાવાર નિયુક્તિથી કોગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ વર્તાયો હતો. જો કે તેમની નિયુક્તિને કારણે સત્તાધારી પક્ષમાં મુંઝવણ વ્યાપી છે. જો કે કોગ્રેસના અનેક નેતાઓએ આ નિયુક્તિને ગેમચેન્જર ગણાવી હતી. યુપીમાં યોગી-મોદી વિરુધ્ધ પ્રિયંકા અને જ્યોતિરાદિત્ય સિધિયાની ટીમ કામ કરશે.યુપીમાં તેમણે અમેઠી અને રાયબરેલીમા ંકરેલ કાર્યથી ત્યાની જનતા તેમનાથી પરિચિત છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.